# બેરિયાના લોકોની માફક દેવના વચનની શોધ કરો
# દેવના વચનનો કેવી રીતે અભ્યાસ કરવો અને જીવનમાં અપનાવવું તે શીખો.

બાળકોને શીખવનારે સ્ટડી B2b વાંચી જવી.

**પ્રાર્થના :** આકાશમાનાં બાપ, તારા વચનો યથાર્થ રીતે સમજાવવા અને હૃદયમાં સંઘરી રાખવા અમારી સહાય કરો.



ચાલુ જરૂરિયાતો અને રૂઢિઓ મુજબ પ્રવૃત્તિઓ પંસદ કરો.

૧. **તમારા હૃદયો અને મનો દેવના વચનથી તૈયાર કરો.**

**પ્રેરિ ૧૭:૧૦-૧૨** માં કઈ બે રીતે બેરિઆના લોકોએ સુવાર્તાનો પ્રત્યુત્તર આપ્યો તે જણાવો.

**૧ પી. ૧:૧૪-૨૨** માં કેટલીક બાબતો છે જે દેવનું સત્ય આપણા જીવનમાં ઉત્પન્ન કરે છે તે કઈ છે ?

**૧પી ૧:૨૪-૨૫** દેવનું વચન ક્યાં સુધી આપણામાં રહેશે ?

**૨ તી ૩:૧૦-૧૭** પાઉલ તિમોથીને શું લખે છે ? તે પરથી કહો-

- પાઉલના જીવનમાં એવી કઈ બાબતો તિમોથીએ જોઈ જે દ્વારા તેને કિંમતી શિક્ષણ મળ્યું ? કલમ૧૦-૧૩
- તિમોથી તેના બાળપણથી એવું શું જાણતો હતો જે દ્વારા તેનું ખ્રિસ્ત ઈસુ દ્વારા વિશ્વાસથી તારણ ચોકક્સ અને દૃઢ બન્યું. હતું ? કલમ ૧૪-૧૫
- બાઈબલના લેખકોને પ્રેરણા આપનાર કોણ હતું ? કલમ-૧૬
- બીજાઓને મદદરૂપ થવા માટે આપણે બાઈબલનો કઈ રીતે ઉપયોગ કરવો જોઈએ ? કલમ-૧૬
- આપણે દેવના વચનનો અભ્યાસ કરીએ અને અપનાવીએ તે પાછળ દેવનો હેતુ શો છે ? કલમ-૧૭

**૨ તિ.૪:૧-૫** જુવાન પાળકો માટેના કાર્યો શોધી કાઢો. કલમ ૨ અને ૫.

**૨ તિ.૪:૧-૫** જુવાન પાળકો માટેના કાર્યો. કલમ ૨ અને ૫

૨. **અઠવાડિયા દરમ્યાન કરવાના કાર્યો બાબતે સાથીદારો સાથે આયોજન કરો.**

- વિશ્વાસીઓની મુલાકાત લઈને તેઓ જાતે બાયબલનો અભ્યાસ કરે તે માટે મદદ કરો.
- સભામાં નાના જૂથોમાં કે કુટુંબોમાં ભેગાં મળીને બાયબલ અભ્યાસ કરવામાં મદદ કરો.
- વિશ્વાસીઓએ પોતાના અભ્યાસમાં જે પ્રાપ્ત કર્યું હોય તેની અંદરોઅંદર પ્રશ્નોત્તરી કરે તેવું ઉત્તેજન આપો.
- દર અઠવાડિયે બાયબલની કેટલીક કલમો મોઢે કરવા વિશ્વાસીઓને ઉત્તેજન આપો.

૩. **ભજનસેવાની તૈયારી માટેનું સાથીદારો સાથે આયોજન**

દેવ પોતાના વચન દ્વારા પવિત્રઆત્માના સામર્થ્યથી બોલે માટે પ્રાર્થના કરો. આપણે જે સાંભળીએ તે તરત જ અમલમાં મૂકીએ તેવી પ્રાર્થના કરો.

પ્રેરિ.૧૭:૧૦-૧૨ **વાંચો.**

- પહેલાં બધાને કહો કે ધ્યાનથી સાંભળે અને શોધે કે બેરિઆના લોકોએ સુવાર્તાનો કેવી રીતે પ્રત્યુત્તર આપ્યો.
- આપણે પણ બેરિઆના લોકોની જેમ પ્રભુના વચનની શોધખોળ કરવી જોઈએ તે સમજાવો.




આપણે ફક્ત સાંભળીને બેસી રહેવા કરતાં વચનમાંનુ સોનું આપણે શોધી નાખવું જોઈએ. આતુરતાપૂર્વક પ્રભુના વચનનું સંશોધન કરવામાં આપણે શરૂઆત કરવી જોઈએ. આપણી મદદ માટે નીચેના પગથિયા ધ્યાનમાં લો.

બાઈબલના વચનો પોતે જ બોલે છે તે સમજણ આપો. પ્રાર્થના માં દોરવણી માંગ્યા પછી નીચેની ચાર બાબતો કરો.

૧)બાઈબલના જે તે ભાગની એકે ક વાક્ય અને શબ્દની ઝીણવટભરી તપાસ કરો.

૨)જો હજુ અર્થ સમજવામાં મુશ્કેલી હોય તો તે ભાગનો સંદર્ભ અને ક્યા સંજોગોમાં લખવામાં આવ્યો છે તેની જાણકારી મેળવો.

- તે ભાગ કોને લખવામાં આવ્યો હતો ?
- કોણે અને શા માટે તે લખ્યો ?
- આ અધ્યાયો કે કલમોની શરૂઆતમાં કે આખરમાં તેનો અર્થ સ્પષ્ટ થાય તેવું શું કહેવાયું છે ?
- તેનો ઐતિહાસિક સંદર્ભ શો છે ?
- તે ક્યારે લખાયો ?(જો પ્રભુ ઈસુના આગમન પહેલા લખાયો હોય તો પ્રાચીન ઈસ્ત્રાએલીઓ માટેનું નિયમશાસ્ત્ર તેમાં લાગુ પડે. હાલની નવા કરારની મંડળીના નિયમો નહિ.)
- આ ભાગમાં દેવ આપણને શું કરવાનું કહે છે ?

**અગત્યનું :**

૩)આ માહિતિઓમાંથી મુખ્ય સત્યો અને જીવન સાથે લાગુકરણ તારવી કાઢો.

૪)તમને જે પ્રાપ્ત થયું તે જીવનમાં લાગુ પાડો.

આપણને બાઈબલ આપવા માટે દેવની સ્તુતિ કરો. દેવના વચનના અભ્યાસમાંથી વિશ્વાસીઓને જે આશિર્વાદો મળ્યાં છે તેની સાક્ષીઓ અને રિપોર્ટ અંગે પૂછો.

### બાઈબલના ભાષાંતર બાબતની સ્કીટ (નાનું નાટક)

શ્રી રૂઢિચુસ્ત : નવા વિશ્વાસીને બાઈબલ વાંચતાં જોઈ રહે છે. પછી તેની પાસેથી તે ઝુંટવી લે છે.અને કહે છે 'તું તારી મેળ આ પુસ્તક સમજી ના શકે મારી પાસે તેના બદલે આધુનિક ચોપડીઓ છે.'

શ્રી નવા વિશ્વાસી : પોતાના શર્ટમાંથી બીજું બાઈબલ કાઢે છે. કહે છે, 'ના, તે ચોપડીઓ તમારી પાસે રાખો. મેં દેવનું વચન મારા હૃદયમાં તેનો અભ્યાસ કરીને, મોઢે કરીને અને તેનું અનુસરણ કરીને રાખ્યું છે માટે મને ખબર છે કે કોઈ પણ ચોપડી કરતા પવિત્ર આત્મા જીવન આપવા માટે બાયબલનો ઉપયોગ કરે છે.'

શ્રી રૂઢિચુસ્ત : કેવળ પાદરીઓ જ તેને સમજી શકે તેઓએ પ્રાચીન દસ્તાવેજો સમજવા માટેની હાલની નવી પધ્ધતિઓનો અભ્યાસ કર્યો હોય છે.

શ્રી નવા વિશ્વાસી : અમારા સેવક તો અમને સમજાવે છે કે પ્રાર્થના સહિત આપણે વચન સમજવાના સાદા રસ્તા અપનાવીએ તો કોઈ પણ વિશ્વાસી તે સમજી શકે છે.

**બાળકો**ને ગીત અને નાટક રજૂ કરવાનું કહો. આ નાટક બાબતે નક્કી કરેલા પ્રશ્નો બાળકો સભાજનોને પૂછી શકે છે.

અઠવાડિયા દરમ્યાનની સેવાઓની **જાહેરાત કરો**. જૂથ અને કુટુંબો તરીકે બાઈબલ અભ્યાસ અઠવાડિયા દરમ્યાન કરવાનું કહો.

બે કે ત્રણના જૂથમાં એકબીજાને મદદ કરો. પ્રાર્થના કરો. યોજનાઓ ઠરાવો અને ઉત્તેજન આપો.

પ્રભુની મેજ માટે નિર્ગ : ૧૨:૩, ૭-૮ અને ૧૨ કલમો વાંચો. પહેલું પાસ્ખાપર્વ સંક્ષેપમાં સમજાવો. આ પર્વના નવા અર્થમાં પ્રભુ ઈસુએ પ્રભુની મેજ ઠરાવી તે સમજાવો. પ્રભુ ઈસુ દેવનું હલવાન છે. આપણને ઉદ્ધાર મળે માટે તેણે પ્રાણ આપ્યો. ૨ તિ ૩:૧૬-૧૭ મોઢે કરાવો.



Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net